પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઈ, ૨૦૨૨, ગુરૂવાર; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# BSNLના રિવાઈવલ માટે ૧.૬૪ લાખ કરોડનું પેકેજ

### ખાડે ગયેલી ટેલિકોમ કંપનીને ઉગારવાના પ્રયાસ : બીએસએનએલ અને ભારત બ્રોડબેન્ડ નેટવર્કના મર્જરને પણ મંજૂરી આપી



નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય કેબિનેટે ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ)ના રિવાઈવલ માટે રૂ. ૧.૬૪ લાખ કરોડના પેકેજને મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત કેબિનેટે બીએસએનએલ અને ભારત બ્રોડબેન્ડ નેટવર્ક (બીબીએનએલ)ના મર્જરને પણ મંજૂરી આપી દીધી છે. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે, સરકાર ૪જી સેવાઓના વિસ્તારમાં મદદ માટે બીએસએનએલને સ્પેક્ટ્રમની ફાળવણી કરશે. બીએસએનએલના ૩૩,૦૦૦ કરોડ રૂપિયાના દેવાને ઈક્વિટીમાં ફેરવવામાં આવશે. સાથે જ કંપની ૩૩,૦૦૦ કરોડ રૂપિયાની બેંક લોનની ચૂકવણી માટે બોન્ડ બહાર પાડશે. મંત્રીએ જણાવ્યું કે, કંપની નેટવર્કના અપગ્રેડેશન માટે કેપેક્સને આજે મંજૂરી આપી દેવાઈ છે. અપગ્રેડેશન માટે ભારતીય ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવશે. વૈષ્ણવે કહ્યું કે બીએસએનએલના પુનરૂત્થાન પેકેજમાં રૂ. ૪૩,૯૬૪ કરોડની રોકડ સહાય હશે અને આગામી ચાર વર્ષ માટે રૂ. ૧.૨ લાખ કરોડની નોન કેશ સહાય હશે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાવનગરની હોસ્પિટલમાંથી લઠ્ઠાકાંડના ૧૮ દર્દી ગાયબ

### આ દર્દીઓને શોધીને ફરી હોસ્પિટલ લાવવા કાર્યવાહી શરુ કરવામાં આવી, પોલીસ કાર્યવાહીના ડરથી આ લોકો હોસ્પિટલમાંથી ભાગી ગયાની ચર્ચા

અમદાવાદ , તા.૨૭

બરવાળા લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ૪૦ને પાર થઈ ચૂક્યો છે. હજુય ૭૦થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે, તેમજ હોસ્પિટલમાં એડમિટ થનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે ત્યારે ભાવનગરની હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ૧૮ જેટલા દર્દી ડૉક્ટરને કહ્યા વિના જ ગાયબ થઈ જતાં પોલીસ દોડતી થઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ દર્દીઓને શોધીને ફરી હોસ્પિટલ લાવવા માટે કાર્યવાહી શરુ કરવામાં આવી છે. પોલીસ કાર્યવાહીના ડરથી આ લોકો હોસ્પિટલમાંથી ભાગી ગયા હોવાની પણ ચર્ચા છે. ઉલ્લેખનીય છે કે, ઝેરી દારુ પી જવાના કારણે બીમાર પડી ગયેલા ૭૦થી વધુ દર્દી હાલ ભાવનગરની સર ટી હોસ્પિટલ ઉપરાંત, અમદાવાદની સિવિલ તેમજ એસવીપી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આજ સવાર સુધીમાં અમદાવાદ સિવિલમાં ૩૭ દર્દી સારવાર લઈ રહ્યા હતા, જેમાંથી ત્રણની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.



ઝેરી દારુ પીવાથી સોમવાર રાતથી જ ઘણા દર્દીને સતત ઉલ્ટી થઈ રહી છે તેમજ તેમની તબિયત ગંભીર બની છે. ઘણા કિસ્સામાં તો પરિવારના એકમાત્ર કમાનારા વ્યક્તિનું મોત થયું છે અથવા તો હાલ તે હોસ્પિટલમાં દાખલ છે. હાલ ૧૨થી વધુ દર્દીની હાલત અતિગંભીર ગણાવાઈ રહી છે. કેટલાક દર્દીને આંખે ઝાંખુ દેખાઈ રહ્યું છે, જોકે અમદાવાદ સિવિલમાં હજુ કોઈ દર્દીની દ્રષ્ટિ જતી રહી હોય તેવું નથી બન્યું.

ઉલ્લેખનીય છે કે, લઠ્ઠો પીવાથી આંખો પર પણ ગંભીર અસર થાય છે અને વ્યક્તિ અંધ પણ બની શકે છે. સારવાર દરમિયાન દર્દીને જરુર પડે તો ડાયાલિસિસ પર પણ મૂકવામાં આવે છે. ઝેરી દારુ પીવાથી જે લોકોના મોત થયા છે, તેમજ જે લોકો હાલ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે તેમાંના મોટાભાગના લોકો સાવ ગરીબ ઘરના મજૂરો છે.

# ફિલિપાઈન્સમાં ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ

### થોડા મહિનામાં જ ભૂકંપના અનેક આંચકા અનુભવાયા : ભૂકંપમાં કોઈપણ જાનહાનિના સમાચાર નથી, ભૂકંપ બાદ સુનામીની પણ કોઈ ચેતવણી આપવામાં આવી નથી

મનીલા, તા.૨૭

ફિલિપાઈન્સમાં આજે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. ભૂકંપનું કેન્દ્ર ફિલિપાઈન્સથી ૧૪ કિલોમીટર દક્ષિણ-પૂર્વ ડોલોરેસમાં હતો. મનીલામાં ૩૦૦ કિલોમીટરથી વધુ દૂર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુએસ જીઓલોજિકલ સર્વેનું કહેવું છે કે, ભૂકંપના કેન્દ્રમાં આવેલી ઈમારતોની બારીઓ તૂટી ગઈ હતી. જોકે અત્યાર સુધીમાં ભૂકંપમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. ભૂકંપ બાદ સુનામીની પણ કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે, લુઝોનના મુખ્ય ટાપુ પર પર્વતીય અને ઓછી વસ્તીવાળા પ્રાંત અબ્રામાં સવારે ૮:૪૩ વાગ્યે (૦૦૪૩ જીએમટી) આંચકા અનુભવાયા હતા. શરૂઆતમાં રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૮ માપવામાં આવી હતી પરંતુ થોડા સમય બાદ તેની તીવ્રતા ૭.૧ હતી.

ભૂકંપના આંચકા મેટ્રો મનીલા, બુલાકન અને ઓરિએન્ટલ મિંડોરો પ્રાંતમાં પણ અનુભવાયા હતા. જોકે અત્યાર સુધીમાં કોઈ નુકશાન કે જાનહાનિ અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી.

તમને જણાવી દઈએ કે, ફિલિપાઈન્સમાં થોડા મહિનામાં જ ભૂકંપના અનેક આંચકા અનુભવાયા હતા. ૨૨ મેના રોજ રાત્રે ૯:૫૦ વાગ્યે (સ્થાનિક સમય) ફિલિપાઈન્સના બુંગાહાનમાં રિક્ટર સ્કેલ પર ૬.૧ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવ્યો હતો.

# ઈડીને ધરપકડ અને સંપત્તી જપ્તીનો અધિકાર છે : સુપ્રીમ

### ઈડીના અધિકારોને પડકારતી અરજીઓ મામલે નિર્ણય

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે ઈડીના અધિકારો તથા પીએમએલએને પડકારતી અરજીઓ મામલે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટના કહેવા પ્રમાણે ઈડીને ધરપકડ કરવાનો અધિકાર છે. મની લોન્ડ્રિંગ એક સ્વતંત્ર ગુનો છે અને મની લોન્ડ્રિંગ એક્ટમાં કોઈ જ ખામી નથી.

ઈડી અને પીએમએલએ મામલે નોંધાયેલી ૨૪૦ અરજીઓ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે. કોર્ટના કહેવા પ્રમાણે ૨૦૧૮ના વર્ષમાં મની લોન્ડ્રિંગ એક્ટમાં જે ફેરફાર કરવામાં આવ્યા હતા તે યોગ્ય જ છે. ઉપરાંત કોર્ટે એજન્સી દ્વારા કરવામાં આવતી ધરપકડ અને આરોપીઓની પુછપરછને પણ યોગ્ય ગણાવ્યા હતા.

અરજીકર્તાઓની અન્ય એક માગણી મામલે કોર્ટે જણાવ્યું કે, જો ઈડીએ કોઈ ફરિયાદ દાખલ કરી હોય તો આરોપીને તેની કોપી આપવી જરૂરી નથી. તે સિવાય સીબીઆઈ કે અન્ય કોઈ એજન્સી દ્વારા બંધ કરી દેવામાં આવેલા કેસને પણ ઈડી પોતાના હાથમાં લઈને તપાસ કરી શકે છે. તે સિવાય કોર્ટે પીએમએલએમાં મની બિલ અંતર્ગત કરવામાં આવેલા ફેરફારનો સવાલ ૭ જજની બેંચ સમક્ષ મોકલવાનો નિર્ણય લીધો છે. અરજીમાં ઈડી દ્વારા કરવામાં આવતી રેડ, ધરપકડના અધિકાર, સંપત્તિની જપ્તી તથા જામીનની આકરી શરતો અંગે વિચારણા કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.

# દેશમાં કોરોનાના કેસ ઘટ્યા : ૧૪,૮૩૦ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૭

ભારતમાં કોરોના કેસમાં સતત ત્રીજા દિવસે ઘટાડો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૮૩૦ નવા કેસ નોંધાયા છે અને ૫૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે ૨૦,૭૪૨ લોકો સાજા થયા છે. એક્ટિવ કેસ ઘટીને ૧.૪૫ લાખ થયા છે. જ્યારે દૈનિક પોઝિટિવીટ રેટ ૩.૪૮ ટકા થયો છે.

દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૪૫,૦૨૬ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૧૬૭ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૪,૩૨,૬૭,૫૭૧ લોકો કોરોના મુક્ત થયા છે. દેશમાં કુલ ૨૦૨,૭૯,૬૧,૭૨૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૨૭,૩૭,૨૩૫ ડોઝ ગઈકાલે અપાયા હતા.

જુલાઈ મહિનામાં કઈ તારીખે કેટલા કેસ નોંધાયા તે આ મુજબ છે. ૨૬ જુલાઈએ ૧૪,૮૩૦ નવા કેસ નોંધાયા હતા અને ૩૬ લોકોને કોરોના ભરખી ગયો હતો. ૨૫ જુલાઈએ ૧૬,૮૬૬ નવા કેસ નોંધાયા છે અને ૪૧ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. ૨૪ જુલાઈએ ૨૦,૨૭૯ નવા કેસ નોંધાયા હતા અને ૩૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો. ૨૩ જુલાઈએ ૨૧,૪૧૧ નવા કેસ નોંધાયા અને ૬૭ લોકોના મોત થયા.

# સોનાના ભાવમાં ઘટાડો થયો, ચાર માસમાં ૫૦૦૦ ઘટ્યા

મુંબઈ, તા.૨૭

યુએસ ફેડ દ્વારા આજે વ્યાજદર અંગે નિર્ણય લેવાનો છે ત્યારે સોના અને ચાંદીના ભાવમાં આજે પ્રેશર રહ્યું હતું. સોનાના ભાવમાં આજે સળંગ ત્રીજા દિવસે ઘટાડો થયો હતો. એમસીએક્સ પર ૧૦ ગ્રામ સોનાનો ભાવ ઘટીને રૂ. ૫૦,૫૪૦ થયો હતો. છેલ્લા ચાર મહિનામાં સોનાના ભાવમાં ૫૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. સિલ્વર ફ્યુચર્સનો ભાવ ૦.૩ ટકા ઘટીને ૫૪,૫૪૦ પ્રતિ કિલો થયો હતો. ગ્લોબલ માર્કેટમાં સોનાના ભાવ આજે સ્થિર રહ્યા હતા. રોકાણકારો યુએસ ફેડના નિર્ણય અગાઉ સાવધાનીના મૂડમાં છે કારણ કે ફેડના નિર્ણયથી બુલિયનના આઉટલૂકને અસર થઈ શકે છે. આજે સ્પોટ ગોલ્ડ લગભગ ૧૭૧૬ ડોલર પ્રતિ ઔંસના સ્તરે હતો.

યુએસ ફેડની મિટિંગમાં સેન્ટ્રલ બેંક દ્વારા વ્યાજના દરમાં ૦.૭૫ ટકાનો વધારો થવાની શક્યતા છે. અમેરિકામાં ફુગાવો રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે, જેના કારણે ફુગાવાને અંકુશમાં રાખવા માટે વ્યાજનો દર વધારવો પડે તેમ છે. અન્ય કિંમતી ધાતુઓની વાત કરીએ તો સ્પોટ સિલ્વરનો ભાવ ૦.૧ ટકા વધીને ૧૮.૬૧ ડોલર પ્રતિ ઔંસ થયો હતો જ્યારે પ્લેટિનમ ૦.૩ ટકા ઘટીને ૮૭૦ ડોલર થયું હતું. પેલેડિયમનો ભાવ ૦.૧૫ ટકા વધીને ૨૦૧૯ ડોલર હતો. માર્ચની શરૂઆતમાં સોનાનો ભાવ પ્રતિ ઔંસ ૨૦૦૦ ડોલરને પાર કરી ગયા પછી તેમાં પ્રેશર વધ્યું છે.

યુએસ ડોલરની તેજી અને ફેડ દ્વારા વ્યાજદર વધવાની શક્યતાથી ગોલ્ડને હોલ્ડ કરવાનો ખર્ચ વધી જાય છે. ભારતીય બજારમાં માર્ચની મધ્યમાં સોનાનો ભાવ ૫૫,૨૦૦ સુધી પહોંચ્યો હતો. ત્યાર પછી તેમાં પાંચ હજાર રૂપિયા જેટલો ઘટાડો આવ્યો છે.

# મીડિયાએ પ્રામાણિક પત્રકારત્વ સુધી મર્યાદિત રહેવું જોઈએ : રમન્ના

### મીડિયાને તેમની જવાબદારી વિશે સભાન કર્યા : મીડિયાએ તેના પ્રભાવ અને વ્યાપારી હિતોને વિસ્તૃત કરવાના સાધન તરીકે તેનો ઉપયોગ ન કરે : સીજેઆઈ

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એન વી



રમનાએ ફરી એક વખત મીડિયાને તેમની જવાબદારી વિશે સભાન કર્યા છે. સીજેઆઈએ કહ્યું કે, સ્વતંત્ર પત્રકારત્વ લોકશાહીની કરોડરજ્જુ છે. પત્રકાર જનતાના આંખ-કાન હોય છે. ખાસ કરીને ભારતીય સામાજિક પરિદ્રશ્યમાં હકીકતો રજૂ કરવાની જવાબદારી મીડિયા હાઉસની છે. લોકો હજુ પણ માને છે કે, જે કંઈ છપાય છે તે સાચું છે.

દિલ્હીમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશે કહ્યું, હું એટલું જ કહેવા માંગુ છું કે, મીડિયાએ તેના પ્રભાવ અને વ્યાપારી હિતોને વિસ્તૃત કરવાના સાધન તરીકે તેનો ઉપયોગ કર્યા વિના પ્રામાણિક પત્રકારત્વ સુધી મર્યાદિત રહેવું જોઈએ.

ઈમરજન્સીનો હવાલો આપતા સીજેઆઈએ કહ્યું કે, માત્ર મીડિયા હાઉસ પાસે કોમર્શિયલ સામાન નથી, જે ઈમરજન્સીના કાળા દિવસોમાં લોકશાહી માટે લડવા સક્ષમ હતા. મીડિયા હાઉસની સાચી પ્રકૃતિનું સમય સમય પર મૂલ્યાંકન કરવામાં આવશે અને ટ્રાયલ સમયે તેમના વર્તન પરથી યોગ્ય અનુમાન કાઢવામાં આવશે.

આ અગાઉ સીજેઆઈએ શનિવારે ઝારખંડમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયાને આડે હાથ લીધુ હતું.

# રેજિમેન્ટની ગુપ્ત માહિતી પાક. મોકલનારા જવાનની ધરપકડ

### પાકિસ્તાની એજન્ટ મહિલાઓએ જવાને ફસાવ્યો : ગુપ્ત માહિતી મોકલી, જવાન પર કથિત મહિલાઓ સાથે આર્મી એક્સરસાઈઝનો વીડિયો શેર કરવાનો પણ આરોપ

જયપુર, તા.૨૭

ભારતીય સેનાના એક જવાનની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ અંગે મંગળવારે જાણકારી આપી છે. મળતી માહિતી મુજબ, આરોપી જવાન શાંતિમય રાણા (૨૪) રાજસ્થાનમાં તૈનાત છે અને તેને બે મહિલાઓએ ફસાવ્યો હતો. અહેવાલ અનુસાર, જવાનને ફસાવનાર મહિલાઓ પાકિસ્તાની એજન્ટ છે.

પોલીસ મહાનિર્દેશક (ઈન્ટેલિજન્સ) ઉમેશ મિશ્રાએ કહ્યું હતું કે, આરોપીએ કથિત રીતે સોશિયલ મીડિયા દ્વારા મહિલાને પોતાની રેજિમેન્ટ સંબંધિત ગુપ્ત માહિતી મોકલી હતી. આટલું જ નહીં, જવાન પર કથિત મહિલાઓ સાથે આર્મી એક્સરસાઈઝનો વીડિયો શેર કરવાનો પણ આરોપ છે.

મિશ્રાએ કહ્યું હતું કે, આરોપી છેલ્લા કેટલાક સમયથી રાજ્ય પોલીસની ગુપ્તચર શાખાના રડાર પર હતો અને તેને ૨૫ જુલાઈએ પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. તે એક પાકિસ્તાની મહિલા એજન્ટના સંપર્કમાં હતો તેણે પોતાનો પરિચય ગુરનૂર કૌર ઉર્ફે અંકિતાતરીકે આપ્યો હતો. નિશા નામની અન્ય એક મહિલા પણ તેના સંપર્કમાં હતી.

ઉમેશ મિશ્રાએ કહ્યું જણાવ્યું હતું કે, આરોપીને એક મહિલા(અંકિતા)એ કહ્યું હતું કે તે ઉત્તર પ્રદેશમાં 'મિલિટરી એન્જિનિયરિંગ સર્વિસ'માં કાર્યરત છે જ્યારે બીજી (નિશા)એ તેને કહ્યું કે તે 'મિલિટરી નર્સિંગ સર્વિસ'માંથી છે.

પોલીસ મહાનિર્દેશકે કહ્યું હતું કે, મહિલાઓએ તેને ફસાવ્યો અને તેની પાસેથી માહિતી માંગી હતી. સૈનિકે પોતાની રેજિમેન્ટ સાથે જોડાયેલી ગોપનીય માહિતી અને આર્મી એક્સરસાઈઝ સાથે સંબંધિત વીડિયો શેર કર્યા હતા. તેના બદલામાં તેને પૈસા પણ મળ્યા હતા.

વધે નામના તમારી બસ
એજ શુભેચ્છા અમારી



લોક ગાયક રતનસિંહ વાઘેલાને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા એક્સલન્સ એવોર્ડથી સન્માનિત થવા બદલ ખુબ ખુબ અભિનંદન

લિ.
રમેશ પ્રજાપતિ
(ભાણાભાઇ- લોકગાયક )
વિનોદકુમાર એ સોની — ઉત્તમ એ સોની
સંદીપ કે શાહ — ઉજવલ વ્યાસ

## વૃક્ષ વાવીએ, પર્યાવરણ બચાવીએ...
## આવો સૌ સાથે મળી ગાંધીનગરને પુનઃ હરિયાળુ પાટનગર બનાવીએ...